<u>કામ નંબર</u> :– ૮

મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા, નં.૨૮(રૂંઢ–વેસુ) : સુરત અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૭ હેઠળ આવેલ વાંધા સુચનોની વિચારણા કરી, સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ ૪૮(૧) મુજબ સરકારશ્રીને મંજુરી માટે જરૂરી સાહિત્યસહ સાદર કરવા બાબત.

<u>ઠરાવ નં.</u> :– ૨૧૭૮

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા નં. ૨૮(રૂંઢ–વેસ) : સુરતની મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરનો, તા.૪/૦૩/૨૦૦૫ ના નં. સુચિત નરયો નં.૨૮(રૂંઢ–વસ) /સુડા/દ.ગુ./કલમ–૪૧(૧)પરામર્શ/૧૧૧૧ થી પરામર્શ મેળવી, યોજના બનાવવાનો સત્તામંડળની તા.૦૬/૦૪/૨૦૦૫ ની બોર્ડ બેઠક નં.૧૯૫ ના ઠરાવ નં. ૨૦૭૬(૧) યોજના માટેનો ઈરાદો જાહેર કરેલ, જે ગુજરાત સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ–૨ માં તા.૧૯/૦૪/૨૦૦૫ ના પાન નં. ૬૨ થી ૬૩ ઉપર પ્રસિધ્ધ થયેલ અને સ્થાનિક વર્તમાનપત્ર "નવનિર્માણ" ના તા.૧૬/૦૪/૨૦૦૫ અને "ગુજરાત સમાચાર" તા.૧૬/૦૪/૨૦૦૫ માં પ્રસિધ્ધ થયેલ. તેમજ જુદી જુદી કચેરીઓના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ થયેલ.

સદર નગર રચના યોજનાની વિગતવાર દરખાસ્તો તૈયાર કરી, ઉકત કાયદાની કલમ–૪૨ અન્વયે પ્રસ્તુત નગર રચના યોજનાની અંદર સમાવિષ્ટ જમીન માલિકો / હીત સંબંધિતોને નોટીસ આપી તેમજ તેની જાહેર બહોળી પ્રસિધ્ધ કરી અને જુદી જુદી કચેરીઓમાં <u>નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધિ આપવા જણાવી તેમજ સ્થાનિક દૈનિક</u> વર્તમાનપત્ર, "સંદેશ", અને "નવનિર્માણ" ની તા.૦૬/૧૨/૨૦૦૫ ની આવૃતિમાં પ્રસિધ્ધિ આપી ઓનર્સ મીટીગનું આયોજન તા.૦૪/૧૦/૨૦૦૫ ના રોજ કરવામાં આવેલ, જે મુજબ ઓનર્સ મીટીગમાં કુલ ...૧૬.... ઈસમો એ હાજરી આપેલ તથા હાજર રહેલ તમામને યોજનાની દરખાસ્તો તથા વિવિધ પાસા જેની વિસ્તૃત સમજણ આપવામાં આવેલ જે અન્વયે જમીન માલિકશ્રીઓ/ હિત સંબંધિતશ્રીઓ દ્વારા કુલ : ૩૬ અરજી થી વાંધા – સુચનો રજુ થયેલ, જેનો પત્રક માં સમાવેશ છે. જેનો અભ્યાસ કરી, યોગ્ય જણાયે જરૂરી ફેરફાર કરાયેલ.

સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના સુડા નં. ૨૮(રૂંઢ–વસ)ને ઉકત અધિનિયમની કલમ : ૪૨(૧) ની જોગવાઈ હેઠળ ગુજરાત સરકારશ્રીના એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ–૨ માં તા. ૦૬/૦૨/૨૦૦૫ ના પાન નં. ૨૪ અને ૨૫ ઉપર પ્રસિધ્ધિ કરી સુચનો અને વાંધા મંગાવવામાં આવેલ છે; અને સદરહુ અધિસુચન દૈનિક વર્તમાન પત્ર "નવનિર્માણ" તા. ૦૪/૦૨/૨૦૦૫ ની આવૃતિમાં તેમજ જુદી જુદી કચેરીઓના નોટીસ બોર્ડ પ્રસિધ્ધ થયેલ છે. ઉકત અધિનિયમની જોગવાઈ હેઠળ સમય મર્યાદામાં કુલ : ૧૮ રજુઆતો મળેલ, જેનો વિગતે અભ્યાસ કરી, નોંધ સાથે બોર્ડના સભ્યોશ્રીઓને યોજનાની સમગ્ર દરખાસ્તો સાથે સમજણ આપવામાં આવી.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સદરહું યોજનાનો, તમામ જરૂરી સાહિત્ય સહ મે.સરકારશ્રીને મુસદ્દો મંજુરી માટે સાદર કરવાની તમામ કાર્યવાહી માટે મુખ્ય કારોબારી અધિકારીશ્રીને અધિકૃત કરી સત્તા આપવા માટે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(અમલ : ટેકનીકલ શાખા)

21/4/06.